**CC NO. 1361/2023**
**Exhibit No.27**

**(નમુનો :– અ)**

| **જામજોધપુરના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.જામજોધપુર, જી.જામનગર** | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | : | ૧૧/૦૬/૨૦૨૬ |
| **ફોજદારી કેસ નંબર** | : | ૧૩૬૧/૨૦૨૩ |
| **પોલીસ સ્ટેશન/**<br>**એફ.આઈ.આર. નંબર** | :<br>: | શેઠવડાળા પો.સ્ટે.<br>ગુ.ર.નં. :૧૧૨૦૨૦૧૩૨૩૦૨૧૦/૨૦૨૩ |
| **ગુનો** | : | ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. |

| | | | |
|---|---|---|---|
| **ફરીયાદી** | : | સરકાર શ્રી,<br>(મુળ ફરીયાદી : મનજીભાઈ તેજાભાઈ વાઘેલા) | |
| **વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | એસ.યુ.બાબી | |
| **આરોપી** | : | (૧) | **નારણભાઈ દેવશીભાઈ વારસંકીયા**<br>ઉ.વ. ૬૪, ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર,<br>જી.જામનગર |
| | | (૨) | **ખેંગારભાઈ નારણભાઈ વારસંકીયા**<br>ઉ.વ.૩૮ , ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર,<br>જી.જામનગર |
| | | (૩) | **અલ્કાબેન ખેંગારભાઈ વારસંકીયા**<br>ઉ.વ.૩૪ , ધંધો– મજુરી,<br>રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર,<br>જી.જામનગર |

**ફોજદારી કેસ નં. ૧૩૬૧/૨૦૨૩**

| | | | |
|---|---|---|---|
| **આરોપીના વિ.વકીલ શ્રી** | : | | એસ.આઈ.બ્લોચ |

**(નમુનો :– બ)**

| | | |
|---|---|---|
| **ગુનાની તારીખ** | : | ૦૪/૦૭/૨૦૨૩ |
| **ફરીયાદની તારીખ** | : | ૦૭/૦૭/૨૦૨૩ |
| **ચાર્જશીટની તારીખ** | : | ૧૦ / ૧૦/૨૦૨૩ |
| **તહોમતનામુ /પ્લીની તારીખ** | : | ૨૦/૧૧/૨૦૨૩ |
| **પુરાવો શરુ થયાની તારીખ** | : | ૨૯/૦૫/૨૦૨૫ |
| **ચુકાદા માટે રાખવાની તારીખ** | : | ૧૯/૦૫/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | : | ૧૧ /૦૬ /૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | : | ––– |

**: આરોપીની વિગત :**

| **નં.** | **આરોપીનુ નામ** | **અટક કર્યા તારીખ** | **જામીન પર છોડયા તારીખ** | **ગુનો** | **તકસીર વાન/ નિર્દોષ** | **સજા** | **Crpc: 428 માટે કસ્ટડી માં રહેલ સમય** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **નારણભાઇ દેવશીભાઇ વારસંકીયા** | ૦૯/૦૭/ ૨૦૨૩ | ૦૯/૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |
| ૨ | **ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયા** | ૦૯/૦૭/ ૨૦૨૩ | ૦૯/૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧૧૪ મુજબ. | | | |
| ૩ | **અલ્કાબેન ખેંગારભાઈ વારસંકીયા** | ૦૯/૦૭/ ૨૦૨૩ | ૦૯/૦૭/ ૨૦૨૩ | ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | નિર્દોષ | – | – |

**(નમુનો :–ક)**

**ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનુ લીસ્ટ**

**(એ) ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદ :**

| **અનુ નં.** | **આંક** | **નામ** | **સાહેદ ના પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૧૪ | મનજીભાઈ તેજાભાઈ વાઘેલા | ફરીયાદી |
| ૨. | ૧૭ | આસીફભાઈ નુરમામદભાઈ સમા | પંચ સાહેદ |
| ૩. | ૧૯ | હંસાબેન મનજીભાઈ વાઘેલા | સાહેદ |
| ૪. | ૨૧ | બાબુભાઈ દાનાભાઈ સાદીયા | સાહેદ |
| ૫. | ૨૨ | મુળજીભાઈ દેવાભાઈ બગડા | સાહેદ |
| ૬. | ૨૩ | મુસ્તાકભાઈ ઈશાકભાઈ સમા | પંચ સાહેદ |
| ૭. | ૨૫ | ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ લાઠીયા | ત.ક.અ. |

**ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :**

**(બી) ફરીયાદપક્ષે આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ :**

| **નં** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| ૧ | ૧૫ | ફરીયાદ |
| ૨ | ૧૮ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ |

 **ફોજદારી કેસ નં. ૧૩૬૧/૨૦૨૩**

**::ઠ રા વ::**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૦૪/૦૭/૨૦૨૩ ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ પોતાના ભોજાબેડી ગામ સોસાયટીમાં આવેલ ખુલ્લા પટમાં બેઠા હોય તે દરમીયાન આ કામના આરોપી નં.૩ ત્યાંથી દુધ લેવા પસાર થતા તેઓ આ કામના ફરીયાદીને જોઈને કહેલ કે આવા હલકા પાછા તો રસ્તામાં બેસે છે તેમ કહી નિકળતા હોય તે દરમીયાન આરોપી નં.૧ નાઓ તેઓની મો.સા. લઈ ત્યાથી પસાર થતા જતા જતા કહેલ કે તમે લોકો હજી કોની રાહ જુઓ છુઓ આ બધાયના ટાટીયા ભાંગી અને આને પતાવી નાખોને નહીતર આ લોકો સુધરશે જ નહીં તેમ કહી તેમજ આરોપી નં.૨ નાઓએ આ કામના સાહેદને ગાલમાં બે તમાચા મારી ઢીકા પાટુનો માર મારી ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી જેમ ફાવે તેમ ભુંડી બીભત્સ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો. કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે. જેથી આ કામના ફરીયાદીની ફરીયાદ મુજબ હાલના કામના આરોપીઓ વિરુઘ્ઘ શેઠવડાળા પોલીસ સ્ટેશન માં ઉપરોકત કલમ મુજબ નો ગુન્હો નોંધવામાં આવેલ.

(૨) પોલીસ તપાસમાં આરોપી મળી આવતા આરોપીઓ ને તા.૦૯/૦૭/૨૦૨૩ ના જામીન પર મુકત કરવામાં આવેલ છે. ત્યારબાદ પોલીસ તપાસ પુરી થતા પોલીસે આરોપી વિરુઘ્ઘ સી.આર.પી.સી કલમ-૧૭૩ મુજબ ઈ.પી.કો કલમ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના ગુનાના તહોમતનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. આ કામે ચાર્જશીટ રજુ થતા સી.આર.પી.સી કલમ-૧૯૦(૧)(ખ), અન્વયે સંજ્ઞાન લઈ આરોપીઓને અત્રેની કોર્ટ ઘ્વારા સમન્સ કરતા આરોપીઓ અત્રેની

કોર્ટમાં હાજર થતા તેઓને ક્રી.પ્રો.કો.કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કર્યા બાદ મારા પુરોગામીશ્રી દવારા સી.આર.પી.સી કલમ–૨૪૦ અન્વયે આરોપીઓ વિરૂધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી અને આરોપીઓની આંક–૪ થી આંક–૬ મુજબ પ્લી લેતા ગુનાનો ઈન્કાર કરેલ. જેથી આ કામે આરોપીઓ સામેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) **ફરીયાદી તરફે રજુ થયેલ પુરાવો :** ઉપર નમુના '**ક**' માં જણાવેલ છે, તેથી તેની પુન:ઉકિત કરેલી નથી.

(૪) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવો આપવો નથી તેવુ મૌખિક રીતે જાહેર કરતાં, ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવા અન્વયેના પ્રશ્નો પુછતા તેનો જવાબ આરોપીઓએ નકારમાં આપેલ છે અને એવી હકીકત જણાવેલ છે કે, ખોટી ફરીયાદ કરી ખોટા પુરાવા ઉભા કરેલ છે, ખોટી રીતે ખટક કરી અને પુરતો પુરાવો ન હોવા છતા ચાર્જશીટ કરેલ છે અને તેઓ નિર્દોષ છે અને નિર્દોષ છોડવા અરજ કરેલ છે. વધુમાં તેઓને સોગંદ પર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી, તેવી હકીકત જણાવેલ છે.

(૫) ત્યાર બાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.યુ.બાબી નાઓની તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.આઈ.બ્લોચ નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

(અ) સરકાર પક્ષે એ.પી.પી.શ્રી દવારા તેઓની દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોએ ફરીયાદની હકીકતને અનુરુપ પુરાવા આપેલ. આરોપીઓએ આ કામના સાહેદને ઈજા કરેલાનું તેમજ ફરીયાદી અને સાહેદોને ગાળો આપી ઈરાદા પુર્વક અપમાન કરેલ

હોવાનુ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનુ રેકર્ડ પર આવેલ છે. આરોપીપક્ષે ફરીયાદપક્ષના પડેલ પુરાવાની હકીકતોનું ખંડન કરતા કોઈ પુરાવો રજુ રાખેલ નથી. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુનામાં સમાજમાં દાખલો બેસે તેવી સજા તથા દંડ કરવા અરજ કરેલ છે.

(બ) આરોપીપક્ષે તેના વકીલશ્રી દવારા દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદો સગા સબંધીઓ છે જેથી હિત ધરાવતા સાહેદો હોય તેઓના પુરાવા પર આધાર રાખી શકાય નહીં. ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળી જગ્યા એ જાહેર રસ્તો છે અને સામે મંદીરો તથા મકાનો આવેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. તેમછતા એવા કોઈ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે તેઓને આ કામે તપાસવામાં આવેલ નથી. એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને બનાવની હકીકત બાબતે વિરોધાભાસ રેકર્ડ પર આવેલ છે. જેથી ફરીયાદપક્ષે પડેલ પુરાવો ધ્યાને લેતા પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય બન્ને પક્ષોએ અગાઉથી અણબનાવ ચાલી આવતો હોવાનુ રકર્ડ પર આવેલ હોય આરોપીઓએ કહેવાતો ગુનો કરેલ ન હોવા છતા દુશ્મનાવટને કારણે ખોટી ફરીયાદ કરેલ હોય આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે

(ક) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા તથા બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો ધ્યાનમાં લેતાં મારાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>૧</u> શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એવી હકીકતો પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી તા.૦૪/૦૭/૨૦૨૩

ના સાંજના સાડા સાતેક વાગ્યાની આસપાસ પોતાના ભોજાબેડી ગામ સોસાયટીમાં આવેલ ખુલ્લા પટમાં બેઠા હોય તે દરમ્યાન આ કામના સામાવાળા નં.૩ ત્યાંથી દુધ લેવા પસાર થતા તેઓ આ કામના ફરીયાદીને જોઈને કહેલ કે આવા હલકા પાછા તો રસ્તામાં બેસે છે તેમ કહી નિકળતા હોય તે દરમીયાન આરોપી નં .૧ નાઓ તેઓની મો.સા. લઈ ત્યાથી પસાર થતા જતા જતા કહેલ કે તમે લોકો હજી કોની રાહ જુઓ છુઓ આ બધાયના ટાટીયા ભાંગી અને આને પતાવી નાખોને નહીતર આ લોકો સુધરશે જ નહીં તેમ કહી તેમજ આરોપી નં.ર નાઓએ આ કામના સાહેદને ગાલમાં બે તમાચા મારી ઢીકા પાટુનો માર મારી ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી જેમ ફાવે તેમ ભુંડી બીભત્સ ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી, ઈ.પી.કો. કલમ– ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો કરેલ છે?

**<u>૨</u>** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક **તારણો** નીચે મુજબ છે.

**<u>૧</u>** નકારમાં.

**<u>૨.</u>** આખરી હુકમ મુજબ.

**<u>: : કા ર ણો : :</u>**

(૮) **<u>મુદ્દા નં. ૧ અને ૨:–</u>**

 **ફોજદારી કેસ નં. ૧૩૬૧/૨૦૨૩**

આ કામે આરોપી સામેનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિદ્ધાંત છે કે, જ્યાં સુધી આરોપી સામે ગુન્હો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું માનવુ જોઈએ અને ફરીયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદપક્ષના સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવું જોઈએ. આ કામે જ્યારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદપક્ષે આરોપીનો ગુન્હો સાબીત કરવા માટે નીચે મુજબના તત્ત્વો સાબીત કરવા જોઈએ.

**કલમ–૩૨૩ ના તત્ત્વો.**

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા,

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતુ.

**કલમ–૫૦૪ ના તત્ત્વો.**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યુ,

૨. તેમ કરીને આરોપી તે વ્યક્તિને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**કલમ–૫૦૬ ના તત્વો**

૧. આરોપીએ કોઈકને ઈજા કરવાના ઈરાદાથી ધમકી આપેલ અથવા તેની આબરૂ અથવા મિલ્કતને નુકશાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યકતી જે વ્યકતીમાં રસ ધરાવતી હતી તેવી વ્યકતીને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલ્કતને નુકશાન કરવા માટે ધમકી આપી હતી.

૨. આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ.

૩. આરોપીએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહીં.

**કલમ–૧૧૪ ના તત્ત્વો.**

૧. વ્યકિતએ ગુનો કરવા માટે અગાઉથી ઉશ્કેરણી, મદદ અથવા કાવતરૂ ઘડેલુ હોવું જોઇએ.

૨. જે વ્યક્તિએ ઉશ્કેરણી કરી છે, તે વાસ્તવિક ગુનો અથવા કૃત્ય થાય તે સમયે ઘટના સ્થળે હાજર હોવી જોઇએ.

૩. જો તે વ્યકિત ઘટના સમયે હાજર ન હોય, તો પણ તે દુષ્પ્રેરક તરીકે સજાને પાત્ર હોત.

ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાથી મુકત રહીને તેનો કેસ સાબીત કરવો જોઈએ તેવો ક્રિમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાંત છે.

બન્ને પક્ષ તરફેની દલીલો તેમજ ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાઓનુ તુલનાત્મક મુલ્યાંકન કરતાં રેકર્ડ ઉપર આવેલ પુરાવો જોઈએ તો,

**ફરીયાદપક્ષનો પુરાવો**

**૮.૧** સદર કામે હાલના ફરીયાદપક્ષે ફરીયાદી મનજીભાઈ તેજાભાઈ વાઘેલાને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. સદર કામનો બનાવ કઈ સાલમાં થયેલ તે હાલ યાદ નથી. હું અંદાજે કહું છું કે આ વર્ષમાં બનાવ બનેલ છે. તે વખતે સાંજના ૬:૦૦ થી ૬:૩૦ વાગ્યાની આસપાસ હું ગામમાંથી ઘરે જતો હતો ત્યારે ઘરથી થોડે દૂર હતો ત્યારે નારણભાઇ મોટરસાયકલ લઇને નીકળેલ અને પોતાના દિકરાની વહુ અલકાબેન ને એ રીતે કહેતા ગયા કે તમો વાટ કોની જોવો છો આ લોકોને મારો એ રીતે બોલતા ગયા. આ સિવાય બીજું કાંઇ બોલેલ નહી. મારી સાથે બીજું કોઇ પણ નહોતું. જેથી આ બાબત એ અમોએ શેઠવડાળા પોલિસ સ્ટેશનમાં અરજી કરેલ. ત્યારબાદ અરજી કર્યાના બીજા દિવસે હું મકાનના કાગળો લઇને તાલુકા પંચાયત જામજોધપુર આવેલ હતો અને પાછળથી નારણભાઇ, અલકાબેન અને ખેંગારભાઇ એ મારી ઘરવાળી સાથે માથાકુટ કરેલ. ત્યારબાદ અમો

ફરીયાદ કરવા શેઠવડાળા પોલિસ સ્ટેશનએ ગયેલ. તેઓને ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક–૧૫ થી રજુ છે.

સદરહુ ફરીયાદીની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા સાહેદે એવી હકીકત કબુલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે મારા છોકરા મંગલ વિરુધ્ધ અલકાબેન એ તેની દિકરીને લલચાવી ફોસલાવી તેના ફોટાઓ પાડી અને તે વાયરલ કર્યા બાબતની પોકસો હેઠળની ફરીયાદ હાલના બનાવના દોઢ મહિના અગાઉ નોંધાવેલ હતી. એ વાત ખરી છે કે આ બનાવ અંગે પહેલા અલકાબેન એ અમારા વિરુધ્ધમાં ફરીયાદ નોંધાવેલ ત્યારબાદ અમોએ હાલની ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ અને અમો પાસે પાસે રહીએ છીએ. એ વાત ખરી છે કે ફરીયાદ નોંધાવ્યા બાદ અમો અમારૂ રોજીંદુ કામ અગાઉની જેમ  કરીએ છીએ. એ વાત ખરી છે કે ખેંગારભાઇ એ મને કાંઇ કહેલ નથી અને તેની સાથે મારે કોઇ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે અલકાબેન સાથે મારે કોઇ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે હું જતો હતો તે જગ્યાએ કોઇ ઓટો કે દેરી આવેલ નથી. એ વાત ખરી છે કે હું કોઇ જગ્યાએ બેઠેલ હોય અને બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે હું કોઇ જગ્યાએ બેઠેલ હોય અને અલકાબેન તથા નારણભાઇ ત્યાં આવીને કોઇ બનાવ બનેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે અલકાબેન એ પહેલા અમારા વિરુધ્ધ ફરીયાદ કરેલ એટલે અમે હાલની ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે જે જગ્યાએ બનાવ બનેલ તે કોઇ રસ્તો નથી પણ ત્યાંથી માણસો અવરજવર કરે છે. એ વાત ખરી છે કે મે મારી પોલિસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે , "સાંજના  ૦૬:૦૦ થી ૬:૩૦ વાગ્યાની આસપાસ હું ગામમાંથી ઘરે જતો હતો ત્યારે બનાવ બનેલ." એ વાત ખરી છે કે મે મારી પોલિસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે , "ત્યારે ઘરથી થોડે દૂર હતો ત્યારે નારણભાઇ મોટરસાયકલ લઇને નીકળેલ અને પોતાના દિકરાની વહુ અલકાબેન ને એ રીતે કહેતા ગયા કે તમો વાટ કોની જોવો છો આ લોકોને મારો એ રીતે બોલતા ગયા . "એ વાત ખરી છે કે મે મારી પોલિસ રૂબરૂની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે," ત્યારબાદ અરજી

કર્યાના બીજા દિવસે હું મકાનના કાગળો લઈને તાલુકા પંચાયત જામજોધપુર આવેલ હતો અને પાછળથી નારણભાઈ, અલકાબેન અને ખેંગારભાઈ એ મારી ઘરવાળી સાથે માથાકુટ કરેલ."

સવાલ:- તમારી પત્નિએ કોઈ મેડીકલ સારવાર કરાવેલ ?

જવાબ:- મારી પત્નિની જામજોધપુર સરકારી દવાખાને સારવાર કરાવેલ.

એ વાત ખરી નથી કે હાલની ખોટી ફરીયાદ કરેલ.

૮.૨ આ કામે ફરિયાદપક્ષે પંચ સાહેદ આશીફ નુરમામદ સમાને આંક -૧૭ થી તથા પંચ સાહેદ મુસ્તાકભાઈ ઈશાકભાઈ સમાને આંક-૨૪ થી તપાસતા તેઓએ એક લખેલ કાગળમાં પોલીસે સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવી આંક-૧૮ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જેથી પંચ સાહેદોએ પંચનામાની હકીકતનો પુરાવો રજુ ન રાખતા તેઓને વિમુખ થયેલા જાહેર કરી ભારતીય પુરાવા અધીનીયમની કલમ-૧૫૪ મુજબ ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતા ફરીયાદક્ષ આંક-૧૮ થી રજુ પંચનામાની હકીકતોને કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. જેથી સદર પંચસાહેદોના પુરાવાથી આંક-૧૮ વાળા પંચનામાને સમર્થન પ્રાપ્ત થતું નથી.

૮.3 સદર કામે ફરીયાદપક્ષે સાહેદ હંસાબેન મનજીભાઈ વાઘેલાને આંક -૧૯ થી તપાસતા તેમને પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું ઉપરોકત સરનામે રહું છું. બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા બનેલ. હું મારા ઘરે હતી. છેલ્લા પંદર વર્ષથી અમારે કેતન નારણ સાથે ઝગડો ચાલું છે. આજદીન સુધી પણ ઝગડો ચાલું છે. અમારે અને કેતન નારણ ને સામે સામે મકાન આવેલ છે જેથી પાણી ઢોળવા બાબતે તેમજ અન્ય બાબતે બોલાચાલી થતી હોય દોઢ વર્ષ પહેલા મને મારી ગયેલ. મારવાનું કારણ અમારી વચ્ચે ઝગડા થતા એટલે મારેલ. એ સિવાય બીજું કાંઈ કારણ નથી. મારા પાડોશના અલકાબેન પણ લાકડી લઈને ઉભેલ હતા જેથી હું પોલિસ સ્ટેશનએ જતી

રહેલ. પરંતુ નારણભાઇ એ મને વાંસામાં ઢીકાપાટુ મારેલ. ઢીકાપાટુનો માર ખાઇ હું નિકળી ગયેલ. આ બાબતની ફરીયાદ મારા ઘરવાળાએ આપેલ હતી. પોલિસે મારી પુછપરછ કરેલ.

સદરહુ સાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા સાહેદે એ હકીકત કબુલ રાખેલ છે કે, હું પોલિસ સ્ટેશને સવારના સાત વાગ્યે ગયેલ. અમે પોલિસ સ્ટેશન એ બે કલાક રોકાયેલ હતા. મારા ઘરવાળા ૧૧ વાગ્યે આવેલ હતા. એ વાત ખરી છે કે હું બોલતી હોવ અને પોલિસ નિવેદન લખતી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે હાલના બનાવ બાદ ફરીથી આવો કોઇ બનાવ બનેલ નથી.

૮.૪ સદર કામે ફરીયાદપક્ષે સાહેદ બાબુભાઈ દાનાભાઈ સાદીયાને આંક –૨૧ થી તપાસેલ છે તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ કયારે બનેલ અને કેટલો સમય પહેલા બનેલ તે મને યાદ નથી. બનાવ વખતે હું મારી વાડીએ હતો. વાડીએ થી હું સાંજના ઘરે આવેલ ત્યારે બનાવ અંગે ખબર પડેલ. અને કેતનભાઈ નારણભાઇ એ મને જણાવેલ કે મનજી તેજા અને કેતનભાઇ ની વચ્ચે માથાકુટ થયેલ છે તેવું જણાવેલ. બનાવ વિશે મને કોઇ જાત માહિતી નથી. પોલિસે મારી પુછપરછ કરેલ નહી. આ કામના આરોપીઓ પાડોશી થતા હોય જેથી ઓળખું છું. સદરહુ સાહેદ પોતાના સોગંદ પરના પુરાવા દરમ્યાન ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા ન હોય, વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા અને ફરી ગયેલા જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે, તેમ છતાં તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ જેમા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે મનજીભાઇ તેજાભાઇ વાઘેલા અને હંસાબેન મારા ઘરની પાછળ રહે છે અને તેની સાથે

મારે સારા સબંધો છે.

૮.૫ સદર કામે ફરીયાદપક્ષે સાહેદ મુળજીભાઈ દેવાભાઈ બગડાને આંક –૨૨ થી તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આજ થી એક વર્ષ પહેલા બનેલ હતો. બનાવ સમયે હું મારી ખાણએ જતો હતો. સાંજના ઘરે પરત આવતા કેતનભાઇ એ વાત કરેલ કે મનજીભાઇ તેજાભાઇ અને તેનો દિકરો મંગલ મનજી એ મારવાની ધમકી આપેલ છે. આ લોકો ઘરે આવીને મારી બહેન અલકાબેન ને બોલી ગયેલ હતા. મારી બહેન અલકાબેન સાંજના સમયે દુધ લેવા માટે ડેરીએ ગામમાં જતા હતા ત્યારે મનજીભાઇ અને મનજીભાઇ નો છોકરો મંગલ રસ્તા પર બેસેલ હતા અને તે લોકો મારી બહેન ને જોઇને હસવા લાગેલ અને કહેલ કે તમે અમારૂ શું કરી લીધેલ. તેમજ શૈલેશ રૂદરાભાઇ નો દિકરો પણ તેમની સાથે હતો અને આ ત્રણેય વ્યક્તિઓએ ધમકી આપેલ કે છરી મારીને મારી નાખીશું. મારી બહેન એ ઘરે આવીને વાત કરેલ. શેઠવડાળા પોલિસ સ્ટેશન એ મારી પુછપરછ કરેલ. આ બાબતની ફરીયાદ મનજીભાઇ એ આપેલ.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દવારા ઉલટતપાસ કરવામાં આવેલ જેમા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે અલકાબેન તથા તેના ઘરના સભ્યોએ મનજીભાઈ કે તેના ઘરના સભ્યો સાથે ઝગડો કરેલ હોય તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે હું બનાવ વખતે બહાર હતો. એ વાત ખરી છે કે બનાવની જાણ ઘરે આવતા થયેલ.

૮.૬ સદર કામે ફરીયાદપક્ષે ત.ક.અ. ધર્મેન્દ્રસિંહ ભરતસિંહ લાઠીયાને આંક –૨૫ થી તપાસેલ છે તેઓની જુબાની ધ્યાને લેતા તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને ૨૦૨૩ ની સાલમાં શેઠવડાળા પોલિસ સ્ટેશનમાં હેડ કો.તરીકે ફરજ બજવતો હતો. તા.૦૭/૭/૨૦૨૩ ના રોજ મનજીભાઇ તેજાભાઇઓ વાઘેલાએ ફરીયાદ આપેલ જેના ફર્સ્ટ ગુના રજી.નં.૦૨૧૦/૨૦૨૩ જે આઇ.પી.સી. કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ મુજબની આપેલ. જે ફરીયાદ પી.એસ.ઓ.શ્રી કે.જી.હાલા નાઓએ રજીસ્ટર કરી અને આગળની તપાસ અમોને સોંપતા તપાસના કામે લાગતા

વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ પંચો રૂબરૂ પંચનામું કરેલ અને આરોપીઓને અટક કરેલ. પુરતો પુરાવો જણાતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી દવારા ઉલટ તપાસ કરવામાં આવેલ જેમા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની સામે મંદીરો તથા મકાનો આવેલ છે. એ વાત ખરી છે કે બનાવ સ્થળ પાસે જાહેર રસ્તો આવેલ છે.એ વાત ખરી છે કે તપાસના કામે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેતા લોકોના તથા રાહદારીઓના કે મંદીરમાં આવતા દર્શનાર્થીઓના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ પહેલા અલકાબેન એ ફરીયાદી તથા તેના ઘરના સભ્યો સામે ફરિયાદ આપેલ. એ વાત ખરી છે કે હાલના બનાવબાદ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે બીજો કોઇ બનાવ બનેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદી બનાવ બાદ પણ તેના રહેણાંકના સરનામે રહે છે અને પોતાનું નિયમિત કામકાજ કરે છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ પોતાની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, " સાંજના ૬ થી ૬:૩૦ વાગ્યાની આસપાસ ફરીયાદી ગામમાંથી ઘરે જતા હતા ત્યારે ઘરથી થોડેક દૂર હતો ત્યારે નારણભાઇ મોટરસાયકલ લઇને નિકળેલ અને પોતાના દિકરાની વહુ અલકાબેન ને કહેતા ગયેલ કે તમે વાટ કેની જોવો છો આ લોકોને મારો.” એ વાત ખરી છે કે ફરીયાદી કે સાહેદોએ ઇજા અંગે કોઇ મેડીકલ સારવાર કરાવેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદનો મનઘડત રીતે ફરીયાદ ને અનુરૂપ લઇ લીધેલ. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ સ્થાનિક જગ્યાનું પંચનામું કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં કામગીરી બતાવવા ચાર્જશીટ કરેલ.

**<u>ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન</u>**

૯. આરોપીઓ સામે આઇ.પી.સી કલમ-૩૨૩ મુજબના ગુનાનુ તહોમત રહેલ હોય ત્યારે તે અન્વયે ફરીયાદ પક્ષે પડેલ પુરાવાની સમગ્રપણે ચર્ચા કરીએ તો આ કામે આંક-૧૪ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાના પુરાવામાં અરજી કર્યાના બીજા દીવસે તેઓ મકાનના કાગળો લઇ તાલુકા પંચાયત જામજોધપુર આવેલ હતા અને પાછળથી નારણભાઇ, અલ્કાબેન અને ખેંગારભાઇ એ મારી ઘરવાળિ સાથે માથાકુટ કરેલ ત્યારબાદ ફરીયાદ

કરવા શેઠવડાળ પોલીસ સ્ટેશને ગયેલા. આમ આ ફરીયાદીએ તેઓના પુરાવામાં તેમની પત્ની ને હાલના આરોપીઓ પૈકી ખેંગારભાઇ નારણભાઇ નાઓએ તેઓની પત્નીને માર મારેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપેલ નથી વીશેષમાં આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો ધ્યાને લેતા તેઓને પુછવામાં આવેલ સવાલ જેમ કે , તમારી પત્નીની મેડીકલ સારવાર કરાવેલ તેના જવાબમાં તેઓની પત્નીની જામજોધુપર મુકામે સારવાર કરાવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદીની પત્નીને કોઇ ઇજા થયેલ હોય અને તેની સારવાર કરાવેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી વિશેષમાં આંક–૨૫ થી તપાસવામાં આવેલ આ કામના તપાસ કરનાર અધીકારીનો પુરાવો ધ્યાને લેતા એ વાત નો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી કે સાહેદે કોઇ મેડીકલ સારવાર કરાવેલ નથી. આ અંગે વધુમાં ચર્ચા કરીએ તો આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદ કે જેઓ ફરીયાદીના પત્ની થતા હોવાનુ ફલીત થાય છે. તેઓએ પોતાના પુરાવામાં નારણભાઇએ વાંસામા ઢીકાપાટુ મારેલ હોવાનુ અને ઢીકાપાટુનો માર ખાઇ નીકળિ ગયેલ હોવાનુ જણાવેલ છે પરંતુ સદર સાહેદના જણાવ્યા મુજબ આરોપી નારણભાઇએ માર મારેલ હતો તે હકીકતને અન્ય કોઇ સાહેદોના પુરાવાથી સર્મથન પ્રાપ્ત થયેલ નથી વિશેષમાં આંક–૧૫ થી રજુ થયેલ ફરીયાદ ધ્યાને લેતા સદર ફરીયાદમાં ફરીયાદીએ ખેંગારભાઇ નારણભાઇ વારસંકીયાએ તેમની પત્નીને ગાલમાં બે તમાચા મારેલ હોવાનુ જણાવેલ છે. આમ ફરીયાદીના પુરાવાની ઉપરોકત હકીકત ધ્યાને લેતા ફરીયાદીના પત્ની પોતાના પુરાવામાં તેઓને વાંસાના ભાગે નારણભાઇએ ઢીકાપાટુનો માર મારેલ હોવાનુ જણાવતા હોય જયારે આંક–૧૫ થી રજુ ફરીયાદમાં ફરીયાદીએ તેઓની પત્નીને ખેંગારભાઇ નારણભાઇએ ગાલમાં બે તમાચા મારેલ હોવાનુ જણાવેલ હોય આ કામે ફરીયાદીની પત્નીને કોઇ ઇજા થયેલાનુ રેકર્ડપર આવેલ ન હોય તેમજ ફરીયાદીની પત્નીના જણાવ્યમ મુબજ તેઓને માર મારવા બાબતે અન્ય કોઇ સાહેદોના પુરાવાથી સર્મથન પ્રાપ્ત થતુ ન હોય તેવા સંજોગોમાં આરોપીઓ સામે નો આક્ષેપીત આઇ.પી.સી.કલમ–૩૨૩ મુબજના ગુનાના આવશ્યક તત્વો પુરવાર થતા નથી જેથી આરોપીઓને તેમની સામેના આક્ષેપીત

આઈ.પી.સી કલમ–૩૨૩ મુબજના ગુનામાં દોષીત ઠરાવી શકાય નહી તેવુ ઉપરોકત ચર્ચાના અંતે આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૦.** આ કામે આરોપી વિરૂધ્ધ જયારે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબના આક્ષેપો હોય ત્યારે જે વ્યકિતનું અપમાન કરવામાં આવેલ હોય તે વ્યકિતનું અપમાન ઈરાદાપૂર્વક કરવામાં આવેલ હોવાનું તથા તેવું અપમાન ઉશ્કેરણીજનક હોવુ પુરવાર કરવુ ફરીયાદ પક્ષે જરૂરી છે. કયાં શબ્દો વડે ભોગ બનનારનું અપમાન કરવામાં આવેલ તે અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. જો આવા શબ્દો રેકર્ડ પર આવી ન શકે તો ઈ.પી.કો. કલમ–૫૦૪ ના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય નહિ. વધુમાં, **નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિરૂધ્ધ ગુજરાત રાજય, ૨૦૦૭(૧) જી.એલ.એચ. ૩૩૭** નાં ચુકાદામાં ઠરાવેલ છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપુર્વકનું જ નહિ પરંતુ અપમાનિત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતુ હોવુ જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહી ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. હાથ પરના કેસમાં ફરીયાદપક્ષે પડેલ ઉપરોકત પુરાવો ધ્યાને લેવામા આવે તો આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોનો પુરાવો ધ્યાને લેતા આરોપીઓએ ઈરાદા પુર્વક ફરીયાદી કે સાહેદોની કોઈ ઈન્સલ્ટ કરેલ હોય કે તેમની ઉશ્કેરણી કરેલ હોય તે મુજબનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રેકર્ડ પર રજુ કરી શકેલ નથી. કારણ કે આંક–૧૪ થી તપાસવામાં આવેલ આ કામના ફરીયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ ગામમાથી ઘરે જતા હતા ત્યારે ઘરથી થોડે દુર હતા ત્યારે નારણભાઈ મોટરસાઈકલ લઈને નીકળેલ અને તેઓના દીકરાની વહુ અલ્કાબેનને એ રીતે કહેતા ગયા કે તમો વાટ કોની જોવો છો આ લોકોને મારો આ સીવાય બીજુ કાઈ બનેલ નહી. મારી સાથે બીજુ કોઈ પણ ન હતુ

આમ સદર ફરીયાદીના પુરાવાથી એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી પુરવાર થાય કે આરોપીએ ફરીયાદીનુ ઈરાદા પુવર્ક અપમાન કરેલ હતુ અને અપમાન કરવાના ઈરાદાથી અપમાનજનક શબ્દો (ગાળ) બોલેલ હતી કે જેનાથી ફરીયાદી ઉશ્કેરાઈ જઈ કોઈ ગુનો કરી બેસે. વધુમાં આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ  તેમના પુરાવામાં આરોપીઓએ ગાળો આપેલ હતી અને ઉશ્કેરણી કરવાના હેતુ થી અપમાનજનક ગાળો આપેલ હતી તેવો કોઈ પુરાવો આપેલ નથી. વિશેષમાં આંક–૨૧ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાના પુરાવામાં બનાવ સમયે વાડીએ હોવાનુ અને સાં જના સમયે ઘરે આવેલ ત્યારે બનાવાની જાણ થયેલ હોવાનુ અને કેતનભાઈએ બનાવ બાબતે તેમને જણાવેલ હોવાનુ અને બનાવ વીશે કોઈ જાત માહીતી ન હોવાનુ જણાવી આરોપીઓ પાડોશી થતા હોય જેથી ઓળખતા હોવાનુ જણાવેલ છે. આમ આ સાહેદે ફરીયાદ પક્ષના કેસની હકીકતને અનુરૂપ પુરાવો રજુ ન રાખતા તેઓને ને વિમુખ થયેલા જાહેર કર્યા બાદ એ.પી.પી. શ્રી દવારા ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નનો પુછવા છતા ફરીયાદને અનુરૂપ કોઈ સર્મથનકારી પુરાવો રજુ રાખેલ નથી ઉલટાનુ પોતાની ઉલટતપાસમાં આ કામના ફરીયાદી અને સાહેદ હંસાબેન સાથે સારા સબંધો હોવાનુ સ્વીકારેલ છે જેથી આ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ બનતો નથી. વિશેષમાં આંક–૨૨ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા તેઓ હીર્યસે પ્રકારના સાહેદ હોવાનુ ફલીત થાય છે. આ સાહેદના પુરાવાથી પણ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી ઉશ્કેરણી કરવાના હેતુથી ઈરાદા પુર્વક અપમાન કરેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ રેકર્ડ પરના પડેલ પુરાવાથી ઈ.પી.કો. કલમ ૫૦૪ મુજબના ગુનાના અવશ્યક તત્વો પુરવાર કરી શકેલ નથી ત્યારે ઉપર કરેલ ચર્ચાના અંતે આરોપીઓને

તેમના સામેના આઇ.પી.સી કલમ–૫૦૪,૧૧૪ મુજબના આક્ષેપીત ગુનાના તહોમત અન્વયે દોષીત ઠરાવી શાકય નહી તેવુ આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૧.** આ કામે આરોપીઓ વિરૂધ્ધ જયારે ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબના ગુનાનુ તહોમત રહેલ હોય ત્યારે તે અન્વયે ચર્ચા કરીએ તો, આ કામે મહત્વના કહી શકાય તેવા આંક–૧૪ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાના પુરાવામાં લેશમાત્ર એવો પુરાવો રજુ રાખેલ નથી કે જેથી પુરાવાર થાય કે, આરોપીઓએ આ કામના ફરીયાદીને કે સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. વિશેષમાં સદર ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતા તેઓ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હુ કોઈ જગ્યાએ બેઠેલ હોય અને અલ્કાબેન તથા નારણભાઈ ત્યાં આવીને કોઈ બનાવ બનેલ હોય તેવુ બનેલ નથી વિશેષમાં સદર ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, ખેંગારભાઈએ મને કાઈ કહેલ નથી કે તેની સાથે મારે કોઈ બનાવ બનેલ નથી. વિશેષમાં એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ બનાવ અંગે પહેલા અલ્કાબેને અમાર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ ત્યારબાદ અમોએ હાલની ફરીયાદ કરેલ આમ આ સાહેદના પુરાવાથી આરોપીઓએ ફરીયાદી કે સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી તેવુ પુરવાર થતુ નથી વિશેષમાં આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ધ્યાને લેતા એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી પુરવાર થાય કે આરોપીઓએ ફરીયાદી અને સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આ કામે આંક–૨૨ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાના પુરાવામાં તેઓ સાંજે ઘરે પરત આવતા મનજીભાઈ તેજાભાઈ અને તેના દીકરા મંગલ મનજીએ મારી નાખવાની ધમકી આપેલ છે તેવુ કેતનભાઈએ વાત કરેલ છે તેમ જણાવેલ છે. પરંતુ હાલના કામે તપાસ કરનાર અધીકારી દવારા કેતનભાઈનુ કોઈ નીવેદન લીધેલ હોય તેવુ રેકર્ડપરના પુરાવાથી જણાતુ નથી

તેમજ ફરીયાદ પક્ષ દવારા સદર સાહેદને આ કામે તપાસેલ હોય તેવુ પણ રેકર્ડપરના પુરાવાથી જણાતુ નથી વિશેષમાં આ સાહેદ હીર્યસે પ્રકારના સાહેદ હોવાનુ ફલીત થાય છે. અને બનાવની જાણ ઘરે આવતા થયેલ હોવાનુ પોતાના પુરાવામાં જણાવેલ છે. આમ રેકર્ડપરના પુરાવાથી એવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી કે, જેથી પુરવાર થાય કે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. આમ છતા બનાવ વખતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેને મારી નાખવાની ધમકી આપેલ હતી તેમ માની લેવામાં આવે તો પણ સદર ધમકીની અસરથી ફરીયાદી તથા સાહેદો પોતાના નીચમીત કામકાજ કરવા અક્ષમ બનેલ હતા અને ધમકીના કારણે સતત ભયના ઓથાર તળે જીવતા હતા તેવુ રેકર્ડપરના પુરાવાથી પુરાવાર થતુ નથી કારણ કે આંક–૧૪ થી તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાની ઉલટ તપાસમાં ફરીયાદ નોંધાયા બાદ તેઓનુ રોજીંદુ કામકાજ કરતા હોવાનુ સ્વીકારેલ છે. તે જ રીતે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે પણ હાલના બનાવ બાદ ફરીથી આવો કોઈ બનાવ બનેલ ન હોવાનુ ઉલટ તપાસમાં સ્વીકારેલ છે. તેમજ રેકર્ડપરના પુરાવાથી ફરીયાદીઅને આરોપીઓ બાજુ–બાજુમાં રહેતા હોવાનુ પણ રેકર્ડ પર આવેલ છે. વધુમાં આંક–૨૫ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધીકારીનો પુરાવો ધ્યાને લેતા હાલના બનાવ બાદ ફરીયાદી અને આરોપી વચ્ચે બીજો કોઈ બનાવ બનેલ ન હોવાનુ ફરીયાદી બનાવ બાદ પણ તેમના રહેણાક ના સરનામે રહેતા હોવાનુ અને પોતાનુ નીચમીત કામકાજ કરતા હોવાનુ પોતાના પુરાવામાં સ્વીકારેલ છે.આમ, આરોપીઓની ધમકીથી ફરીયાદી તથા સાહેદ પોતાનું કામકાજ કરવા અશકત બનેલ હોય કે ધમકીની અસર હેઠળ પોતાનું નિચમીત કામકાજ કરી શકતા ન હોય અને સતત ભયના ઓથા તળે જીવતા હોય તેવું પુરવાર થતું નથી. આરોપીઓએ આપેલ મારી નાખવાની

ધમકીની ફરીયાદી કે સાહેદ ઉપર અસર થયેલાની હકીકત પણ પુરવાર થતી નથી. તેવા સંજોગોમાં આરોપી સામેના આક્ષેપીત ઈ.પી.કો.કલમ – ૫૦૬(૨) મુજબના ગુનાના આવશ્યક તત્વો ફરીયાદ પક્ષ રેકર્ડ પરના પુરાવાથી પુરવાર કરી શકેલ ન હોય ત્યારે આરોપીઓને આઈ.પી.સી.કલમ–૫૦૬(૨) મુજબના તહોમત અન્વયે દોષીત ઠરાવી શકાય નહી તેવુ ઉપરોકત ચર્ચના અંતે આ કોર્ટનુ નમ્રપણે માનવુ છે.

**૧૨.** આમ, ફરીયાદ પક્ષનો રેકર્ડપરનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે અગાઉથી વિવાદ ચાલી આવે છે આ કામના ફરીયાદીના દીકરા મંગલ વિરૂધ્ધ આ કામના આરોપી અલ્કાબેન નાઓએ તેની દીકરીને લલચાવી ફોસલાવી તેના ફોટા પાડી તે વાઈરલ કર્યા બાબતની પોકસો હેઠળની ફરીયાદ નોંધાવેલ હતી ત્યારબાદ હાલના બનાવના કામે આરોપી નં–૩ એ ફરીયાદી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવેલ છે ત્યારબાદ હાલના ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલની ફરીયાદ નોંધાવેલ છે. આમ ફરીયાદી અને આરોપીઓ વચ્ચે અગાઉથી મનદુખ ચાલી આવતુ હોવાનુ રેકર્ડ પર આવેલ હોય વધુમાં બનાવના કારણ સંદર્ભમાં રેકર્ડપરનો પુરાવો જોતા ફરીયાદીએ પોતાના પુરાવામાં બનાવના કારણ અંગે કોઈ સંતોષકારક પુરાવો રેકર્ડ પર રજુ રાખેલ ન હોય જયારે આંક–૧૯ થી તપાસવામાં આવેલ સાહેદે પોતાના પુરાવામાં ૧૫ વર્ષથી કેતનભાઈ નારણભાઈ સાથે ઝગઘો ચાલતો હોવાનુ તેમજ પાણી ઢોળવા બાબતે તેમજ અન્ય બાબતે બોલાચાલી થતી હોવાનુ પોતાના પુરાવામાં જણાવતા હોય બનાવ વાળિ જગ્યાએ મંદીરો તથા મકાનો આવેલ હોવાનુ તેમજ જાહેર રસ્તો આવેલ હોવાનુ તપાસ કરનાર અધીકારી પોતાના પુરાવામાં જણાવેલ હોય તેમ છતા ફરીયાદીના જણાવ્યા મુજબનો બનાવ બનેલ છે તે હકીકતના સંદર્ભમાં કોઈ સ્વતંત્ર સાહેદોના સર્મથનકારી પુરાવા રેકર્ડ પર આવેલ ન હોય, વધુમા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા ફરીયાદ વાળો બનાવ તા.૦૪/૦૭/૨૦૨૩ ના રોજ બનેલ હોવાનુ જણાય છે અને હાલની ફરીયાદ ફરીયાદીએ તા.૦૭/૦૭/૨૦૨૩ના રોજ કરેલ હોવાનુ રેકર્ડ

પરના પુરાવાથી જણાતુ હોય જેથી ફરીયાદ મોડી કરવા બાબતે પણ ફરીયાદ પક્ષ કોઇ સંતોષ કારક પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી આમ ફરીયાદ પક્ષના કેસ મુજબ ફરીયાદીના પત્નીને માર મારેલાનુ તેમજ આરોપીઓએ ફરીયાદી તથા સાહેદોને ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાની હકીકત ફરીયાદ પક્ષ ઉપર કરેલ ચર્ચા મુજબ શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોય તેવા સંજોગોમાં **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના આરોપીઓ (**૧**)**નારણભાઇ દેવશીભાઇ વારસંકીયા** ઉ.વ. ૬૪, ધંધો- મજુરી, રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર **(૨)ખેંગારભાઇ સ/ઓ નારણભાઇ વારસંકીયા** ઉ.વ.૩૮,ધંધો- મજુરી, રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર **(૩) અલ્કાબેન વા/ઓ ખેંગારભાઈ વારસંકીયા** ઉ.વ-૩૪,રહે. ભોજાબેડી ગામ, તા. જામજોધપુર, જી.જામનગર નાઓને સી.આર.પી.સી. કલમ- ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ -૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ આવે છે.

(૨) સદર કામમાં જો કોઈ બીનકીંમતી મુદામાલ કબજે કરેલ હોય તો અપીલ સમય વિત્યે નિયમોનુંસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓના અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.

(૪) આ કામે પ્રત્યેક આરોપીએ સી. આર. પી. સી. ની કલમ-૪૩૭ (એ) મુજબ અપીલ સમયસુધીના રૂ.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર

પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧, માહે જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– જામજોધપુર
તા. ૧૧–૦૬–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઇ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૧૫૮૪

SELF